ગાંધીનગર સમાચાર

જિલ્લા તંત્ર હવે મોબાઈલ એપની મદદથી બાળક-શિક્ષકની હાજરીનું મોનિટરિંગ કરશે

### આરોગ્ય તંત્ર દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વેલન્સની કામગીરી સંપન્ન

# આંખની ખામી અને શંકાસ્પદ ડાયાબીટીસના દર્દીઓ વધુ મળ્યા

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લામાં આરોગ્ય તંત્ર દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વેલન્સની કામગીરી સંપન્ન થઈ જવામાં છે ત્યારે તેમાંથી જે પ્રાથમિક તારણો તંત્ર સમક્ષ આપ્યા છે તે ખુબ જ ચોંકાવનારા છે.

બદલાતી જતી જીવનશૈલીની અસરો આ સર્વેલન્સમાં બહાર આવી હોવાનું જણાયુ છે. જિલ્લામાં ૩૯૩૩ વ્યક્તીઓને આંખમાં ચશ્મા નંબર જણાયા છે તો ૪૦૦ વ્યક્તીઓને મોતિયો હોવાનુ બહાર આવ્યુ છે. કીકીનો રોગ ધરાવતા નવ દર્દી તેમજ શંકાસ્પદ ઝામર હોવાનું ૩ દર્દીઓમાં જણાયુ છે. ૧૨૬ વ્યક્તીઓને ત્રાંસી આંખ હોવાની વાત પણ આ સર્વેલન્સમાં બહાર આવી છે. જિલ્લામાં ૧૦,૮૯,૧૦૧ લોકોને આ સર્વેલન્સમાં આવરી લેવામાં આવ્યા છે. તંત્રના કર્મચારીઓએ ૨,૫૨,૨૬૮ ઘરોની મુલાકાત લીધા બાદ આ તારણો બહાર આવ્યા છે. આ સર્વેમાં શંકાસ્પદ રક્તપિત્તના ૧૪ જેટલા દર્દી મળ્યા છે. તો શંકાસ્પદ ટી.બી. ધરાવતા ૧૬૯ દર્દી મળી આવ્યા છે. આ સર્વેમાં શંકાસ્પદ ક્લેટુપ લીપ ધરાવતા ૩ મળી આવ્યા છે તો ૧૮ લોકો વાઈનો રોગ ધરાવતા અને ૨૮ લોકો ડિપ્રેશનથી પિડાતા મળી આવ્યા છે. જિલ્લામાં ૨૮૮૭ લોકોને શંકાસ્પદ ડાયાબીટીસ હોવાનું તપાસમાં જણાતાં તંત્રના અધિકારીઓ ચોંકી ઉઠ્યા છે.

આ સર્વે દરમ્યાન મળી આવેલ દર્દીઓ પૈકી ૫૯૫ દર્દીઓને નિષ્ણાતોની સેવા ઉપલબ્ધ બને તે માટે રિફર કરવામાં આવ્યા છે.



સ્વાર્થ ને ઝઘડા જેવી વૃત્તિઓ મનુષ્યમાં જ છે, અન્ય જીવોમાં નહીં એવી ડાહી વાતોનો છેદ ઉડાડતી આ તસવીરમાં પૂરતા અન્ન માટે પણ માણસની જેમ લડી રહેલા પોપટ દશ્યમાન થાય છે. ત્યારે શાંતિપૂર્વક અન્નને ટાંપી બેઠેલો ત્રીજો પોપટ 'બેના ઝઘડામાં ત્રીજો ફાવે'ની માનવીય ઉક્તિને સિદ્ધ કરતો હોય એમ લાગે છે.

# ઠંડીમાં નજીવી રાહત : પારો ૮.૫

ગાંધીનગર, તા. ૭

પાકિસ્તાન અને અફઘાનિસ્તાનના પર્વતીય વિસ્તારોમાં આવેલા બર્ફીલા તોફાનની અસરો મેદાની વિસ્તારોમાં અનુભવાઈ રહી છે. ગાંધીનગરમાં એક જ દિવસમાં પારો ૧૦ ડિગ્રી જેટલો ગગડતા નગરજનો ઠંડીમાં ઠુંઠવાઈ ગયા હતા. જો કે આજે ઠંડીમાં નજીવી રાહત મળી હતી અને લઘુત્તમ તાપમાન ૮.૫ ડિ.સે. નોંધાયુ છે. છેલ્લા બે દિવસથી ગાંધીનગર સહિત ઉત્તર ગુજરાતના વિવિધ વિસ્તારો ખુબ જ આકરી ઠંડીનો અનુભવ કરી રહ્યા છે. પાકિસ્તાન અને અફઘાનિસ્તાનના પર્વતીય વિસ્તારોમાં બર્ફીલા તોફાનનો આતંક રહ્યો છે. જેની સીધી જ અસર મેદાની વિસ્તારોમાં જોવા મળી રહી છે. ઉત્તર ગુજરાતના ઘણા વિસ્તારોમાં લઘુત્તમ તાપમાન એક આંકડામાં નોંધાય તેટલુ પહોંચી ગયુ છે. ગાંધીનગરમાં ગઈકાલે લઘુત્તમ તાપમાન ૭ ડિગ્રી સુધી ગગડી જતાં અને સતત ઠંડા પવનો ફુંકાતા નગરજનોએ હાડ થીજવતી ઠંડી અનુભવી હતી. આ આયાતી ઠંડીની અસર હજુ વર્તાઈ રહી છે. આજે પવનની ગતિ ઓછી થતાં ઠંડીમાં નજીવી રાહત મળી હતી. લઘુત્તમ તાપમાન ૮.૫ ડિ.સે. નોંધાયુ હતુ. જ્યારે મહત્તમ તાપમાન ૨૩ ડિ.સે. નોંધાતા દિવસે પણ સારી એવી ઠંડી અનુભવાઈ હતી. ઉત્તરીય પર્વતીય વિસ્તારોમાંથી ફુંકાતા ઠંડા પવનોની અસર હજુ બે દિવસ રહેશે તેવુ હવામાન વિભાગે જણાવ્યુ છે.

# શાહપુર સરગાસણ માર્ગ રીસરફેસીંગ પાછળ ૬.૫૦ કરોડનો ખર્ચ કરાશે

## સેન્ટ્રલ વર્જના ફેન્સીંગનું પણ કામ હાથ ધરાશે

ગાંધીનગર તા ૭

શાહપુર સરગાસણ માર્ગના સરફેસીંગનુ કામ હાથ ધરાશે. આ માર્ગને ચકાચક બનાવવા માટે રૂ ૬.૫૦ કરોડનો ખર્ચ કરાશે. ૬.૫૦ કી મી લાંબા આ માર્ગના નવિનીકરણ ઉપરાંત સેન્ટ્રલ વર્જની ગ્રીલનુ પણ સમારકામ હાથ ધરાશે. ટુંકમાં જ કામ શરૂ કરાશે.

શહેરમાં ગત વાઈબ્રન્ટ સમિટ વેળાએ મુખ્ય માર્ગોને ચકાચક બનાવવા માટે સફાઈ તેમજ બ્યુટિફિકેશનની કામગીરી પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. જો કે સેકટરોના આંતરિક માર્ગોનુ કામ હાથ ન ધરાતા હાલ પણ સેકટરોના આંતરિક રસ્તાઓ ઉબડ ખાબડ જોવા મળી રહયા છે. શહેરના ખ માર્ગને સિકસલેન બનાવાનુ કામ હજુ પણ અપુર્ણ છે. જયારે ભયજનક ખ માર્ગ હાલ માર્ગ સલામતીની દ્રષ્ટીએ જોખમી બન્યો છે.

વાઈબ્રન્ટ સમિટ વેળાએ કોબા હાંસોલ માર્ગનુ કામ હાથ ધરાયુ હતુ. જયારે શાહપુર સરગાસણ માર્ગનુ પણ ટુંકમાં કામ હાથ ધરાશે. શાહપુર સરગાસણ માર્ગને ચકાચક બનાવવા માટે રિસરફેસીંગનુ કામ હાથ ધરાશે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૬.૫૦ કરોડનો ખર્ચ થશે. વિભાગના પ્લાનટમાંથી જ કામગીરી હાથ ધરાશે. જયારે સાડા છ કી મી ના અંતરમાં પથરાયેલા આ માર્ગને યોગ્ય કરવા ટુંકમાં જ કામ હાથ ધરાશે. આ ઉપરાંત માર્ગ નવિનીકરણની સાથે સેન્ટ્રલ વર્જમાં સ્થિત ફેન્સીંગનુ પણ કામ હાથ ધરાશે. છેલ્લા કેટલાક સમયથી આ માર્ગ પર સ્થિત સેન્ટ્રલ વર્જમાં ગ્રીલ તુટેલી હાલતમાં હોવાથી તંત્ર દ્વારા બ્યુટિફિકેશનને ધ્યાને લઈને પણ જરૂરી કામો હાથ ધરાશે. ગાંધીનગર શહેર આસપાસના વિસ્તારમાં ઝડપભેર માર્ગ નવિનીકરણ ના કામો હાથ ધરવામાં આવી રહયા છે. ત્યારે શહેરી વિસ્તારના રસ્તાઓને પણ ચકાચક બનાવવા સમયસર કામ હાથ ધરાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

# એલ ઈ ડી લાઈટ અંગે ફરિયાદો નિવારવા હેલ્પલાઈન શરૂ કરાશે

**એલ ઈ ડી લાઈટના પ્રાજેકટનુ કામ પુર્ણ : નગરના ૮ હાઈમાસ્ક ટાવર અને ૧૬ હજારથી વધુ પોલ્સમાં એલઈડી ફીટ કરવામાં આવી**

ગાંધીનગર તા ૭

શહેરમાં એલ ઈ ડી લાઈટના ફિટીંગનુ કામ પુર્ણ થઈ ગયુ છે. જો કે હજુ કેટલાક સેકટરોમાં નવા એલ ઈ ડી લાઈટો ડુલ હોવાની ફરિયોદો પ્રબળ બની છે. શહેરમાં ૧૬ હજાર જેટલા થાંભલાઓમાં એલ ઈ ડી લાઈટનુ ફીટીંગ કરી દેવાયુ છે. જયારે ૮ જેટલા હાઈમાસ્કમાં પણ એલ ઈ ડી લાઈટની જળહળા જોવા મળી રહી છે. સેકટરોમાં એલ ઈ ડી લાઈટો બંધ રહેતી હોવાની ફરિયાદોને ધ્યાને લઈ ટુંકમાં જ તંત્ર દ્વારા સર્વે હાથ ધરી હેલ્પલાઈન પણ કાર્યરત કરી દેવાશે.

શહેરના મુખ્ય માર્ગો તેમજ સેકટરોના આંતરિક માર્ગોની શેરીઓમાં અજવાળુ પાથરવા માટે અંદાજિત ૧૬ હજારથી પણ વધુ સ્ટ્રીટ લાઈટના પોલ્સ ફીટ કરવામાં આવ્યા છે. જો કે છેલ્લા કેટલાક સમયથી શહેરમાં સ્ટ્રીટ લાઈટની સેવા ખાડે જતા સેકટરોમાં છાશવારે અંધારપટ્ટ છવાયેલા જોવા મળતો હતો. જયારે સ્ટ્રીટ લાઈટ પાછળ સરકાર દ્વારા જાળવણી અને લાઈટ બીલ પાછળ વર્ષે કરોડો રૂપિયાનો તોતિંગ ખર્ચ કરવામાં આવતો હોવા છતા આમ નાગરિકોની ફરિયાદો વધતી જતી હતી. બીજીતરફ વીજબીલનુ ભારણ પણ વેઠવાનો વારો આવતો હતો. જેના પરિણામે સેકટરોમાં એલ ઈ ડી લાઈટના પ્રોજેકટનો અમલ કરવામાં આવ્યો છે. જેના લીધે વીજ બીલમાં ૪૦ ટકાની બચત થશે તેવી પણ આશ બંધાઈ છે. જયારે સેકટરોમાં એલ ઈ ડી

અનુ. સાતમા પાને

# જિલ્લા તંત્ર હવે મોબાઈલ એપની મદદથી બાળક-શિક્ષકની હાજરીનું મોનિટરિંગ કરશે

**૧લી માર્ચથી માણસામાં પાયલોટ પ્રોજેક્ટ અમલી બનશે : શાળાઓમાં નોડેલ શિક્ષકો નિમાયા હાલ તેમને તાલિમ આપવામાં આવી રહી છે : સર્વ શિક્ષા અભિયાને જિલ્લા શિક્ષણ તંત્રના સહયોગથી એપ બનાવી છે : ડી.ડી.ઓ.**

ગાંધીનગર, તા. ૭

ગુજરાતમાં પહેલીવાર ગાંધીનગર જિલ્લામાં બાળકની શાળામાં હાજરી, શિક્ષકોની હાજરી તેમજ આયર્ન પ્રોજેક્ટ અંતર્ગત વિતરણ કરવામાં આવેલ ટીકડીઓની એમ ત્રિવિધ બાબતોનું મોનીટરીંગ મોબાઈલ એપ દ્વારા જિલ્લા તંત્ર કરશે.

જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈએ એક ખાસ વાતચીતમાં જણાવ્યુ છે કે માર્ચ માસથી આ પ્રોજેક્ટનો પાયલોટ પ્રોજેક્ટ માણસા તાલુકાથી આરંભાશે. માણસાની ૧૦૦ સરકારી પ્રા. શાળાઓમાં ૨૦૦ જેટલા નોડલ શિક્ષકોની નિમણુંક કરી તેમને તાલિમ આપવામાં આવી રહી છે.

વિગતો પ્રમાણે આ મોબાઈલ એપ સર્વ શિક્ષા અભિયાન દ્વારા જિલ્લા શિક્ષણતંત્રના સહયોગથી તૈયાર કરવામાં આવેલ છે.

વિગતો પ્રમાણે આ મોબાઈલ એપ સર્વ શિક્ષા અભિયાન દ્વારા જિલ્લા શિક્ષણતંત્રના સહયોગથી તૈયાર કરવામાં આવેલ છે.

એન્ડ્રોઈડ ફોન પર આ મોબાઈલ એપ ડાઉનલોડ કરવામાં આવી રહી છે. આ એપમાં કેવી રીતે એન્ટ્રી કરવી, કયા સમયે એન્ટ્રી કરવી તે સહિતની તમામ બાબતોની તાલિમ શિક્ષકોને અપાઈ રહી છે.

પેપરલેસ એડમીનીસ્ટ્રેશનની દિશામાં આ એક મહત્વનું પગલું છે. માણસા તાલુકામાં એક માસના પાયલોટ પ્રોજેક્ટના અમલીકરણ પછી જિલ્લાની ૬૦૦થી વધુ સરકારી શાળાઓમાં આ અમલી બનશે.

શિક્ષણતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે કુપોષણની સમસ્યાના નિવારણ માટે આયર્નની ટેબ્લેટનું વિતરણ કરવામાં આવે છે. જેનો વિગતવાર અહેવાલ આ એપ દ્વારા ઉપલબ્ધ બનશે. સપ્તાહમાં એકવાર આ ટેબ્લેટનું વિતરણ કરવામાં આવે છે.

અનુ. સાતમા પાને

## ભાજપની આદિવાસી વિકાસ ગૌરવ યાત્રાનો આરંભ કરાયો

અમદાવાદ, તા.૭

પ્રદેશ પ્રવક્તા ભરત પંડ્યાના જણાવ્યાનુસાર આજરોજ નવસારીના ઉનાઈ ખાતે વનવાસી બંધુઓની વિકાસગાથા તેમજ તેમની અસ્મિતાને ઉજાગર કરતી આદિવાસી વિકાસ ગૌરવ યાત્રાનો પ્રારંભ પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણીના પ્રેરક નેતૃત્વમાં અને સહૃદયી મુખ્યમંત્રી વિજય રૂપાણીની ઉપસ્થિતમાં શુભારંભ થયો હતો.

પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણીએ રાજય સરકારને વનવાસી બંધુના અધિકારોમાં વધારો કરતા પીઈએસએ એસીટી માટે મુખ્યમંત્રી વિજય રૂપાણીના નેતૃત્વ સહીત સમગ્ર રાજય સરકારનો હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યા હતા. પીઈએસએ એસીટીનો સંવેદનશીલ નિર્ણય ગુજરાતના વનવાસીબંધુઓના વિકાસના ઈતિહાસમાં સુવર્ણપૃષ્ઠ તરીકે ઉમેરાયલ છે તેમ તેમણે જણાવ્યું હતું.

પંડિત દિનદયાળ ઉપાધ્યાયની જન્મશતાબ્દી વર્ષને ગરીબ કલ્યાણ વર્ષ તરીકે ઉજવી રહ્યા છીએ. ત્યારે વંચિતોના વિકાસ માટે કેન્દ્રની લોકલાડીલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાજયની વિજય રૂપાણીના નેતૃત્વમાં ભાજપા સરકાર પ્રશંસનીય કાર્ય કરી રહી છે, જેના પરિણામે પ્રજાના આશીર્વાદ હંમેશા ભાજપને મળતા રહ્યા છે.


## હાર્દિક અભિનંદન



**ડો. પ્રદિપભાઈ ગગલાણી**

**પ્રમુખશ્રી, વૈષ્ણવ સમાજ, ગાંધીનગર**

આપની ગાંધીનગર શહેરના વૈષ્ણવ સમાજના પ્રમુખપદે થયેલી વરણીને હૃદયપૂર્વક આવકારી અભિનંદન પાઠવીએ છીએ.

આપના નેતૃત્વમાં વૈષ્ણવ સમાજના સંકલ્પો અને પ્રકલ્પો સાકાર થાય એવી શુભકામનાઓ પાછવીએ છીએ.

**શૈલેષભાઈ એસ. પંડ્યા** — **વી. વી. વૈષ્ણવ**

**કૃષ્ણકાન્ત જહા** — **એમ. કે. દલસાણીયા**



ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ

ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે

- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય

ECO GREEN

Autoclaved Aerated Concrete Blocks

ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦

sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in



ટચુકડી જાહેર ખબર

માત્ર રવિવારે

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧,

ફેક્સ : ૨૩૨૩૦૫૭૧



ઈશ્વરકૃપા ટાયર સર્વિસ

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા

CEAT

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭







Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com